પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૬ | ૨૬ ઓક્ટોબર, ૨૦૨૧, મંગળવાર; આસો વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સમીર વાનખેડે સામે વિજિલન્સ તપાસ

**ક્રૂઝ ડ્રગ્સ કેસની તપાસ કરતા વાનખેડેની મુશ્કેલીમાં વધારો : સમીર વાનખેડે પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોની વિજિલન્સ તપાસ થઈ રહી હોવાને એનસીબીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ જ્ઞાનેશ્વર સિંહનું સમર્થન**

નવી દિલ્હી, તા.૨૫

મુંબઈમાં ડ્રગ્સ કેસની તપાસ દ્વારા ચર્ચામાં આવેલા એનસીબીના ઝોનલ ડાયરેક્ટર સમીર વાનખેડેની મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો છે. હવે તેમના વિરૂદ્ધ વિજિલેન્સની તપાસ પણ શરૂ થઈ ગઈ છે. સમીર વાનખેડે પોતાના પદ પર જળવાઈ રહેશે કે નહીં તેના પર શંકાના વાદળ મંડારાઈ રહ્યા છે. એનસીબીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ જ્ઞાનેશ્વર સિંહે કહ્યું કે, સમીર વાનખેડે પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોની વિજિલેન્સ તપાસ થઈ રહી છે. શું સમીર પદ પર જળવાઈ રહેશે તેવા સવાલના જવાબમાં જનરલ જ્ઞાનેશ્વર સિંહે કશું કહી ન શકાય તેમ કહ્યું હતું.

આ બધા વચ્ચે સમીર વાનખેડે મંગળવારે દિલ્હી પહોંચી રહ્યા છે. દિલ્હી સ્થિત એનસીબી હેડક્વાર્ટરમાં તેમને લઈને ચર્ચા પણ થઈ રહી છે. એનસીબીમાં તેમને લઈ આંતરિક તપાસ પણ થઈ રહી છે. જ્ઞાનેશ્વર સિંહે જણાવ્યું કે, જે તપાસ ચાલી રહી છે તેને તેઓ



સુપરવાઈઝ કરી રહ્યા છે. જ્ઞાનેશ્વર સિંહે કહ્યું કે, તેઓ પદ પર રહેશે કે નહીં તે અંગે કાંઈ પણ કહેવું ઉતાવળ ગણાશે કારણ કે તપાસ હાલ શરૂ થઈ છે.

ક્રૂઝ પાર્ટી સાથે સંકળાયેલા ડ્રગ્સ કેસ દરમિયાન એનસીબીએ શાહરૂખ ખાનના દીકરા આર્યનની ધરપકડ કરી હતી. આ મામલે સ્વતંત્ર સાક્ષી પ્રભાકરે ૨૫ કરોડની ડીલની વાત કરી હતી અને એનસીબી ઓફિસમાં તેના પાસે કોરા કાગળ પર સહી કરાવાઈ હોવાનું કહ્યું હતું.

## પરિવાર અને સ્વ. માતાને પણ ઢસડવામાં આવે છે : વાનખેડે

**એનસીબીના ઝોનલ ડિરેક્ટરે આક્ષેપો ફગાવ્યા : વાનખેડેએ પોતાની સામે કોઈપણ કાયદાકીય કાર્યવાહી સામે પણ રક્ષણ માગ્યું, પોતાની સામે તપાસ માટે તૈયાર**

મુંબઈ , તા.૨૫

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોના ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેએ પોતાના પર લાગેલા આક્ષેપોને ફગાવી દેતા દાવો કર્યો છે કે તેમને કેટલાક તત્વો દ્વારા ટાર્ગેટ કરાઈ રહ્યા છે. વાનખેડેએ પોતાની સામે કોઈપણ કાયદાકીય કાર્યવાહી સામે પણ રક્ષણ માગ્યું છે. તેમણે કોર્ટને એમ પણ કહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે કે તેમને ટાર્ગેટ કરાઈ રહ્યા છે, અને તેઓ પોતાની સામે કોઈપણ તપાસ માટે તૈયાર છે. તેમનું એમ પણ કહેવું છે કે, આ મામલે તેમના પરિવાર તેમજ સ્વર્ગવાસી માતાને પણ ઢસડવામાં આવી રહ્યાં છે. શાહરુખ ખાનના દીકરા આર્યનની ડ્રગ્સ કેસમાં ધરપકડ બાદ વાનખેડે અને એનસીબી ખાસ્સા ચર્ચામાં આવ્યા છે. મહારાષ્ટ્રના એક મોટા નેતાએ વાનખેડે પર એક પછી એક આક્ષેપો કર્યા છે, તેમજ આર્યન એનસીબીની કસ્ટડીમાં હતો તે વખતના કેટલાક વિડીયો અને ફોટોગ્રાફ્સ પણ સામે આવતા પણ આ મામલો વધુ વિવાદાસ્પદ બન્યો છે. તેવામાં કોર્ટમાં એનસીબી તેમજ વાનખેડે દ્વારા સોગંદનામાં ફાઈલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ડ્રગ કેસના સાક્ષી કે.પી. ગોસાવીના પર્સનલ બોડીગાર્ડ પ્રભાકર સાઈલે કરેલા આક્ષેપો તેમજ એનસીબીના અધિકારીઓ સાથે રુપિયાની લેવડદેવડની વાતો અંગેના દાવા બાદ વાનખેડેએ મુંબઈ પોલીસ કમિશનરને પત્ર લખીને ભય વ્યક્ત



કર્યો છે કે તેમને આ કેસમાં ફ્રેમ કરવામાં આવી શકે છે. પત્રમાં તેમણે જણાવ્યું છે કે, કેટલાક અજાણ્યા લોકો દ્વારા તેમની સામે ખોટા આરોપો મૂકી કાયદાકીય કાર્યવાહી શરુ કરાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ બાબતે એનસીબીના ડિરેક્ટર જનરલનું પણ ધ્યાન દોરવામાં આવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

# આતંકી જિયા મુસ્તફા માર્યો ગયો

**કાશ્મીરી પંડિતોના નરસંહારનો હતો માસ્ટર માઈન્ડ : પાક.ની લશ્કર આતંકવાદી જિયા મુસ્તફાને આતંકીઓને શોધવા ભાટા અંતર સુધી લઈ જવામાં આવ્યો હતો**

જમ્મુ,તા.૨૫

જમ્મુ -કાશ્મીરમાં રવિવારે વહેલી સવારે પૂંછમાં આતંકવાદીઓ સાથેના એક્રાઉન્ટરમાં બે પોલીસકર્મી અને એક સૈન્ય અધિકારી ઘાયલ થયા હતા. છેલ્લા બે સપ્તાહથી પૂંછ જિલ્લાના ડુંગરોમાં સ્થિત ગાઢ જંગલોમાં આતંકવાદીઓ સાથે એક્રાઉન્ટર ચાલી રહ્યું છે. ૧૧ ઓક્ટોબરથી ૧૪ ઓક્ટોબર વચ્ચે થયેલા આ એક્રાઉન્ટરમાં આતંકીઓ સામે લડતા લડતા સેનાના ૯ જવાન શહીદ થયા છે. અહીં જમ્મુ અને કાશ્મીર પોલીસે એક નિવેદનમાં કહ્યું છે કે, 'પૂંછ એક્રાઉન્ટર દરમિયાન પાકિસ્તાની લશ્કર આતંકવાદી જિયા મુસ્તફાને આતંકવાદીઓને શોધવા ભાટા અંતર સુધી લઈ જવામાં આવ્યો હતો. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, સર્ચ ઓપરેશન દરમિયાન આતંકીઓએ સેના અને પોલીસની સંયુક્ત ટીમ પર ફરીથી ગોળીબાર શરૂ કર્યો હતો. આ ફાયરિંગમાં બે પોલીસકર્મી અને

● અનુસંધાન પાન-૭ પર



## કોઈ પણ ટીમને હળવાશમાં લેતા નથી : વિરાટ કોહલી

**જીતના નશામાં ચૂર પાકિસ્તાની પત્રકારો છાક્ટા બન્યા**

દુબઈ,તા.૨૫

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપમાં રવિવારના રોજ પાકિસ્તાને ભારતને ૧૦ વિકેટે હરાવી દીધુ. આ સજ્જડ હાલ સાથે જ ભારતનો



વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ન હારવાનો સિલસિલો પણ તૂટ્યો. ટીમ ઈન્ડિયાને પાકિસ્તાનના હાથે એકતરફી હારનો સામનો કરવો પડ્યો. વર્લ્ડ કપ જેવી ટુર્નામેન્ટમાં પહેલીવાર ભારત વિરુદ્ધ પાકિસ્તાનની જીત પર હોશ ગુમાવી બેઠેલા પત્રકાર મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલીને વિચિત્ર સવાલો પૂછવા લાગ્યા. ત્યારબાદ વિરાટ કોહલીએ પાકિસ્તાની પત્રકારોનો બરાબર ક્લાસ લીધો અને બોલતી બંધ કરી. એક પાકિસ્તાની પત્રકાર સૈય્યદ હૈદરે ભારતીય કેપ્ટન વિરાટ કોહલીને પૂછ્યું કે આજે તેમણે રોહિત શર્માની જગ્યાએ ઈશાન કિશનને રમાડવો જોઈતો હતો જે સારા ફોર્મમાં હતો. પછી તો વિરાટ કોહલીએ પાકિસ્તાની પત્રકારને બરાબર ફટકાર લગાવતા કહ્યું કે શું તેઓ કેપ્ટન હોત તો રોહિત શર્માને ટી૨૦ ટીમમાંથી બહાર કરત? આ જવાબ પર પાકિસ્તાની પત્રકારની બોલતી બંધ થઈ ગઈ અને તે હસવા લાગ્યો. વિરાટે આગળ જવાબ આપતા કહ્યું કે જો વિવાદ જ ઊભો કરવો હોય તો પહેલા જણાવી દો તો હું એ પ્રમાણે જવાબ આપું.

## સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદથી ખેડૂતોને પારાવાર નુકસાનની ભિતી

**કમોસમી વરસાદને કારણે ખેડૂતોનો ઊભો પાક પલળ્યો : જેતપુર ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં ખુલામાં રાખવામાં આવેલો પાક વરસાદના પાણીમાં ધોવાઈ જતા લખોનું નુકસાન થવા પામ્યું છે, ખેડુતોમાં ચિતા**

જેતપુર,તા.૨૫

રવિવારે ભાવનગર, અમરેલી અને રાજકોટ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં કમોસમી વરસાદ વરસતા ધરતી પુત્રોની ચિંતા વધી છે. ધોરાજીમાં બપોર બાદ કમોસમી વરસાદ પડતા ખેડૂતોનો પાક પલળી ગયો છે. જેતપુર ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં ખુલામાં રાખવામાં આવેલો પાક વરસાદના પાણીમાં ધોવાઈ જતા લખોનું નુકસાન થવા પામ્યું છે, સૌરાષ્ટ્રના ખેડૂતો ઉપર એક પછી એક મુશ્કેલી આવી રહી છે. પ્રથમ અતિવૃષ્ટિ સરકારની પાક સહાયમાં નીરસતા અને હવે કમોસમી વરસાદે ખેડૂતોની હાલત કફોડી કરી છે. ધોરાજીના માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોની વેચવા માટે આવેલી જણસી ઉપર કમોસમી વરસાદ પડતા ખેડૂતો અને વેપારીઓને મોટું નુકસાન ગયુ છે. રવિવારે બપોર બાદ શરૂ થયેલા વરસાદને પગેલ જેતપુર ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં જે ખેડૂતોની જણસી વેચવા માટે આવી હતી તે તમામ જણસી પલળી ગઈ હતી, જેમાં હાલ કપાસ અને મગફળીની સીઝન હોય જેતપુર-ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં બહુ મોટા પ્રમાણમાં કપાસ અને મગફળીની આવક હતી. યાર્ડમાં આ પાકને ખુલ્લામાં રાખવામાં આવ્યો હતો. જેની ઉપર વરસાદ વરસતા મગફળી અને કપાસ પલળી ગયો હતો, ખેડૂતોએ આક્ષેપ કર્યા હતા કે, ધોરાજી યાર્ડ દ્વારા કોઈ જાતની વ્યવસ્થા ના હોય અને આવા મુશ્કેલીના સમયમાં પણ યાર્ડ પાસે ખેડૂતોની જણસીને રાખવા માટે યોગ્ય કાર્યવાહી પણ ના કરવામાં આવતા ખેડૂતોની જણસી જે ખુલ્લા મેદાનમાં અને યાર્ડના રોડ ઉપર રાખવામાં આવી હતી તેની ઉપર વરસાદ વરસતા ખેડતોનો તૈયાર પાક વરસાદના પાણીમાં ધોવાઈ ગયો છે. જેના કારણે લખોનું નુકસાન જવા પામ્યું હતું. ભાવનગર જિલ્લામાં રવિવારે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. સામાન્ય રીતે આસો મહિનામાં ચોમાસાની વિધિવત વિદાય થઈ ચૂકી હોય છે. પરંતુ, રવિવારે જેસર અને મહુવા પંથકના ગામડાઓમાં બપોરના સમયે કમોસમી વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. મહુવાના બોરડી, કોટીયા, કળમોદર, વાવડી, રતનપર, બગદાણા, મોળપર, કરમદીયા, ખારી, ગળથર, બેલમર સહિતના ગામોમાં અચાનક વરસાદી વરસ્યો હતો.



## કોવિડનો નવો જ વેરિયન્ટ એવાય.૪.૨ દેશમાં જોવાયો

**હાલ ડેલ્ટા પ્લસ - એવાય.૪.૨ના ડેટા ફક્ત યુકેથી આવ્યા છે અને ભારતમાં પણ તેના કેટલાક કેસ સામે આવ્યા**

નવી દિલ્હી, તા.૨૫

ભારતમાં ઘટી રહેલા કોરોના સંક્રમણના કેસ વચ્ચે એક ચિંતાજનક વાત સામે આવી છે. બ્રિટન અને યુરોપના અનેક દેશોમાં તબાહી મચાવનારો કોવિડનો નવો વેરિએન્ટ ડેલ્ટા પ્લસ - એવાય.૪.૨ હવે ભારતમાં પણ સામે આવ્યો છે. આ વેરિએન્ટ ડેલ્ટા વેરિએન્ટની સરખામણીએ વધારે સંક્રામક છે. સીએસઆઈઆર ઈન્સ્ટિટ્યુટ ઓફ જીનોમિક્સ એન્ડ ઈન્ટીગ્રેટિવ બાયોલોજીના ડાયરેક્ટર ડોક્ટર અનુરાગ અગ્રવાલે જણાવ્યું કે, હાલ ડેલ્ટા પ્લસ - એવાય.૪.૨ના ડેટા ફક્ત યુકેથી આવ્યા છે અને ભારતમાં પણ તેના કેટલાક કેસ સામે આવ્યા છે. વૈજ્ઞાનિકો તેના પર નજર રાખી રહ્યા છે.

## મહારાષ્ટ્રમાં ડુંગળીના ૧૦ વેપારીને ત્યાંથી ૨૪ કરોડ જપ્ત

નાસિક, તા.૨૫

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના પિપળગાવના ૧૦ ડુંગળી વેપારીઓને ત્યાં ઈન્કમ ટેક્સની રેડમાં ૨૪ કરોડ રૂપિયા રોકડાં મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. સુત્રોએ જણાવ્યું કે, ગુરુવારે આ રેડ પાડવામાં આવી હતી, અને હાલના સમયમાં રાજ્યમાં ઈનકમ ટેક્સ દ્વારા ઝડપી પાડવામાં આવેલી સૌથી મોટી રકમ છે. આ ઉપરાંત અધિકારીઓએ ૧૦૦ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક મળી આવી હોવાનો પણ દાવો કર્યો છે, જેમાંથી વેપારીઓએ ૫૦ કરોડ રૂપિયા છૂપાવ્યા હોવાનું પણ સ્વીકારી લીધું છે. એટલે કે, હવે આ રકમ ઉપર વેપારીઓને ઈનકમ ટેક્સ ભરવો પડશે, જ્યારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નાગપુરની ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ પ્રિન્સિપાલ ડિરેક્ટર (ઈન્વેસ્ટિંગેશન)ની ઓફિસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# રજનીકાંત દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત

**મનોજ બાજપેયીને ભોંસલે માટે અને સાઉથ સ્ટાર ધનુષને તમિલ મૂવી અસુરન માટે બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ**

નવી દિલ્હી, તા.૨૫

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના ઈન્ડસ્ટ્રીમાં ૪૫ વર્ષ સુધી પોતાના યોગદાન માટે રજનીકાંતને દાદા રનૌતને પણ સન્માનિત કરવામાં આવ્યા છે. સાઉથ સ્ટાર ધનુષને તમિલ મૂવી 'અસુરન'માં પોતાના શ્રેષ્ઠ પર્ફોર્મન્સ પુરસ્કાર આપવામાં આવ્યો છે. ઉપ રાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ ફિલ્મ





૬૭મા સમારોહમાં સુપરસ્ટાર રજનીકાંતને ફિલ્મ જગતના સર્વોચ્ચ સન્માન વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. ફિલ્મ સાહેબ ફાળકે એવોર્ડ વડે સન્માનિત કરવામાં આવ્યા. રજનીકાંત ઉપરાંત મનોજ બાજપેયી, ધનુષ અને કંગના

સમારંભ દરમિયાન લોકોએ રજનીકાંતનું સ્ટેન્ડિંગ ઓવેશન સાથે સન્માન કર્યું હતું. મનોજ બાજપેયીને 'ભોંસલે' માટે અને માટે બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો. કંગના રનૌતને મણિકર્ણિકા અને પંગા ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસનો રાષ્ટ્રીય જગતના તમામ દિગ્ગજ સિતારાઓને સન્માનિત કર્યા છે. રાષ્ટ્રીય પુરસ્કાર સમારંભમાં સુશાંત સિંહ રાજપૂતની ફિલ્મ છિછોરેની ટીમ પણ બેસ્ટ હિંદી ફિલ્મ એવોર્ડ વડે પુરસ્કૃત કરવામાં આવી છે. તેમની ફિલ્મ છિછોરેને રજત કમલ એવોર્ડ વડે સન્માનિત કરવામાં આવ્યા છે. અસુરનને બેસ્ટ તમિલ અને જર્સીને બેસ્ટ તેલુગુ ફિલ્મની કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે. અભિનેત્રી કંગના રનૌત ચોથી વખત નેશનલ એવોર્ડ વડે સન્માનિત થઈ છે. અગાઉ તેને ફિલ્મ ફેશન માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ, ક્વીન માટે બેસ્ટ એક્ટ્રેસ અને તનુ વેડ્સ મનુ માટે બેસ્ટ એક્ટ્રેસનો નેશનલ એવોર્ડ મળેલો છે. તાસકંદ ફાઈલ્સને બેસ્ટ સ્ક્રીનપ્લે માટે નેશનલ એવોર્ડ, સિંગર બી પ્રાકને તેના ગીત 'તેરી મિટ્ટી' માટે રજત કમલ પ્રદાન કરવામાં આવ્યો.

